# પ્રકરણ - 1

## માનવ ભૂગોળ : પરિચય (કુલગુણ -5)

→ "ભૂગોળ એ પૃથ્વી વિશે પદ્ધતિસરનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે." ભૂગોળ - પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાનો ના ઉદેશને ધ્યાનમાં રાખે છે.

→ ભૂગોળનું જ્ઞાન બે અભિગમથી પ્રાપ્ત કરી શકાય છે : (1) પદ્ધતિસર અભિગમ (2) પ્રાદેશિક અભિગમ.
માનવ ભૂગોળએ પદ્ધતિસર અભિગમની વિષયશાખા છે. જેમાં માનવી અને પ્રકૃતિ વચ્ચે સતત પરિવર્તન પ્રક્રિયાઓથી જે સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ ઉદભવે છે તેનો અભ્યાસ કરે છે.

પ્રશ્ન - 1 ભૂગોળ એટલે શું?

પ્રશ્ન - 2 ભૂગોળનું જ્ઞાન ક્યા બે અભિગમથી પ્રાપ્ત થાય છે?

ભૂગોળ વિષયનો ઉદ્દભવ-

15મી સદીના ઉત્તરાર્ધથી 18મી સદી સુધીના યુગને સંશોધનયુગ કહેવામાં આવે છે.
આ સમયગાળા દરમિયાન શોધ-પ્રવાસો અને નકશાનિર્માણ કાર્ય થયા.
માહિતીને વૈજ્ઞાનિક ઢાંચામાં વર્ગીકૃત કરી.
પરિણામ સ્વરૂપે ભૂગોળ વિષયનો ઉદ્દભવ થયો.

પ્રશ્ન - 3 ભૂગોળ વિષયનો ઉદભવ કેવી રીતે થયો?

પ્રશ્ન - 4 સંશોધનયુગ કોને કહેવાય?

પ્રશ્ન - 5 15મી સદીના ઉત્તરાર્ધથી 18મી સદીને કયો યુગ કહેવાય છે?

માનવભૂગોળ વિકાસ –

→ બર્નાર્ડ વેરેનિયસનો ફાળો -
  - → **'Geographia Generalis'** પુસ્તક લખ્યું.
  - → બે વિભાગ દર્શાવ્યા છે : (1) સામાન્ય ભૂગોળ અને (2) વિશિષ્ટ ભૂગોળ.
  - → પૃથ્વીને એક એકમ તરીકે સ્વીકારીને તેની લાક્ષણિકતાઓનો અભ્યાસ કર્યો.(સામાન્ય ભૂગોળ)
  - → પૃથ્વી પર જુદા જુદા પ્રદેશો અને ત્યાંના માનવજીવનનો અભ્યાસ કર્યો. (વિશિષ્ટ ભૂગોળ)
  - → માનવજીવનના વિકાસમાં - મૂળભૂત જરૂરિયાત ખોરાક, પોશાક(વસ્ત્ર) અને રહેઠાણ પર કુદરતી પરિબળો અસર
  - → જેથી માનવ અને કુદરતી પરિબળોની પરસ્પર થતી પરિસ્થિતિનો અભ્યાસ થયો.
  - → જેથી માનવ ભૂગોળમાં "માનવ કેન્દ્ર સ્થાને છે.
  - → પરિણામે માનવીના નિવાસસ્થાનના આધારે માનવીની પ્રવૃત્તિ નક્કી થઇ.

    મેદાની પ્રદેશ – ખેતી
    જંગલ પેદાશ
    મત્સ્યપ્રવૃત્તિ

માનવી અને પર્યાવરણ વચ્ચેના આંતરસંબંધોથી ઉદભવતી પ્રવૃત્તિઓ દ્વારા ભૂગોળનું અભ્યાસક્ષેત્ર તૈયાર થયું.

આ બાબત ધ્યાને રાખીને ભૂગોળના વિષયવસ્તુને ત્રણ પેટા વિભાગમાં વર્ગીકૃત કરાયું.

(1) ખગોળ વિષયક (2) સ્થળીય લાક્ષણિકતા (3) માનવીય લાક્ષણિકતાઓ.

→ ભૂગોળ સંકલિત, આનુભાવિક અને વ્યાવહારિક વિજ્ઞાન છે.

→ ભૂગોળ પૃથ્વી સપાટી પર આવેલાં વિભિન્ન તત્ત્વો અને પાસાંનો માનવના સંદર્ભમાં અભ્યાસ કરે છે.

→ પૃથ્વી પરના બધાં જ તત્ત્વોની ઉત્પત્તિના આધારે બે વર્ગોમાં વહેંચવામાં આવે છે :

→ પ્રાકૃતિક/ભૌતિક તત્ત્વો (2) માનવીય/સાંસ્કૃતિક તત્ત્વો.

→ 19મી સદીમાં પ્રાકૃતિક ભૂગોળ - ભૂસ્વરૂપીય ભૂગોળ શાખાઓનો વિકાસ થયો. તેના ફળસ્વરૂપે કેટલાક ભૂગોળવિદ્દોએ માનવી અને પર્યાવરણ વચ્ચેના પારસ્પરિક સંબંધોના અભ્યાસને ખૂબ મહત્ત્વ આપ્યું. પરિણામે "માનવ ભૂગોળ શાખાનો ઉદ્ભવ થયો.

→ માનવીના ઘર તરીકે પૃથ્વીનો અભ્યાસ એ ભૂગોળનું પ્રથમ સોપાન છે.

→ માનવ ભૂગોળ ત્રણ બાબતોના અભ્યાસને મહત્ત્વ આપે છે :

(1) પ્રાકૃતિક-માનવ જગત વચ્ચેનો સંબંધ

(2) માનવ પ્રવૃત્તિઓનું સ્થાનિક વિતરણ અને તે પ્રવૃત્તિઓનું કારણ

(3) વિશ્વના જુદા જુદા પ્રદેશોમાં સામાજિક અને આર્થિક ભિન્નતાઓનું અધ્યયન.

માનવીની બધી જ વિકાસાત્મક ગતિવિધિઓ પર ભૌતિક પર્યાવરણની અસર થાય છે. તે ભૌતિક પર્યાવરણ સાથે અનુકૂલન સાધીને સાંસ્કૃતિક પર્યાવરણની રચના કરે છે.

પ્રાકૃતિક તત્ત્વો અને માનવ જગત વચ્ચેનો સંબંધ, સાંસ્કૃતિક પર્યાવરણ ઉદ્ભવાનાં કારણો, વિશ્વના જુદા જુદા પ્રદેશોની સામાજિક અને આર્થિક ભિન્નતાઓ, માનવીની સાંસ્કૃતિક અને આર્થિક પ્રવૃત્તિઓ વગેરે પાસાંઓનો અભ્યાસ માનવ ભૂગોળ દ્વારા થાય છે.

પ્રકૃતિ અને માનવ અવિભાજ્ય અંગ છે.

જીન બ્રુન્સે વ્યાખ્યા આપી :

"માનવ ભૂગોળ એવાં બધાં જ તત્ત્વોનો અભ્યાસ કરે છે જે માનવીની ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા પ્રભાવિત થાય છે."

કુમારી એલન સી. સેમ્પલ

"માનવ ભૂગોળ અસ્થિર પૃથ્વી અને ક્રિયાશીલ માનવી વચ્ચેના પરિવર્તનશીલ સંબંધોનું અધ્યયન છે."

એલ્સવર્થ હંટિંગ્ટન

"ભૌગોલિક પર્યાવરણ તથા માનવીની ક્રિયાઓના પરસ્પર સંબંધોનો અભ્યાસ એટલે માનવ ભૂગોળ."

→ એરિસ્ટોટલ, બકલ, હમ્બોલ્ટ, રિટર વગેરે વિદ્વાનોએ ઈતિહાસ ઉપર ભૂમિના પ્રભાવને મહત્ત્વ આપ્યું.

→ રેટઝેલ, કુ. એલન સેમ્પલે 'ભૌતિક પર્યાવરણ માનવ ક્રિયાઓને કેવી રીતે પ્રભાવિત કરે છે.' તે સમજાવ્યું.

→ જ્યારે હેટિંગ્ટને સમાજ, સંસ્કૃતિ અને ઈતિહાસ ઉપર આબોહવાના પ્રભાવને સમજાવ્યું.

પ્રશ્ન – 6 માનવભૂગોળનો અર્થ આપી. તેના અભ્યાસક્ષેત્રોની ચર્ચા કરો.

પ્રશ્ન – 7 માનવભૂગોળ એટલે શું?

પ્રશ્ન – 8 જીન બ્રુન્સ, કુ.એલન સેમ્પલની વ્યાખ્યા આપો.

પ્રશ્ન – 9 માનવભૂગોળમાં કેન્દ્રસ્થાને કોણ છે?

પ્રશ્ન – 10 ઇતિહાસ પર ભૂમિના પ્રભાવને ક્યા વિદ્વાનોએ મહત્ત્વ આપ્યું?

માનવ ભૂગોળનું વિષય વસ્તુ :
માનવીનો પર્યાવરણ સાથેનો સંબંધ એ માનવ ભૂગોળના અભ્યાસનું કેન્દ્રબિંદુ છે.
વિભિન્ન પ્રદેશોના અભ્યાસથી
માનવીઓના રંગ, સ્વાસ્થ્ય, વસ્ત્ર, રહેઠાણ, ભાષા, ધર્મ, સામાજિક માળખું વગેરે બાબતોમાં વૈવિધ્ય છે.
ઉત્તમ ઉદાહરણ - યુ.એસ.એ. અને ભારતમાં બિનસાંપ્રદાયિકતા દેશોમાં જોવા મળે છે.

અમેરિકન ભૂગોળવેત્તા ફિન્ચ અને ટ્રેવાર્થાએ માનવ ભૂગોળના વિષય વસ્તુના બે વિભાગ પાડ્યા:
(1) પ્રાકૃતિક પર્યાવરણ અને (2) સાંસ્કૃતિક પર્યાવરણ.
પ્રાકૃતિક પર્યાવરણમાં ભૂપૃષ્ઠ, જળ પ્રણાલી, જમીન, વનસ્પતિ, ખનીજો, આબોહવા વગેરે
સાંસ્કૃતિક પર્યાવરણમાં વસ્તી, વસાહતો, કૃષિ, ઉદ્યોગો, પરિવહન, દૂરસંચાર, વ્યાપાર વગેરે

સમયાંતરે માનવભૂગોળમાં ફેરફારો થતા
20મી સદીની શરૂઆતમાં સાંસ્કૃતિક - આર્થિક પાસાં પર ધ્યાનમાં રખાતા, માનવ સમાજ સામે આવેલી નવી સમસ્યાઓ અને પડકારો વિષય વસ્તુના કેન્દ્રમાં રહ્યાં.
માનવ ભૂગોળમાં તત્કાલીન, સમન્વયકારી અને આંતરવિષયક વિષયોનો સમાવેશ થયો.
દા.ત. અર્થશાસ્ત્ર, ઈતિહાસ, વસ્તી વિજ્ઞાન, કૃષિવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે અનુબંધ અને સહસંબંધ ધરાવે છે.

પ્રશ્ન – 11 માનવભૂગોળને અન્ય ક્યા વિષય સાથે અનુબંધ છે
પ્રશ્ન – 12 પ્રાકૃતિક અને સાંસ્કૃતિક પર્યાવરણનો તફાવત અને તત્ત્વોના નામ આપો.
પ્રશ્ન – 13 વિશ્વના ક્યા દેશો બિનસાંપ્રદાયિક છે.

માનવ ભૂગોળના અભ્યાસના ક્ષેત્રોમાં સમાવિષ્ટ મહત્ત્વનાં પાસાં આ પ્રમાણે છે :
• માનવીની ઉત્પત્તિ, તેની પ્રજાતિઓ અને પૃથ્વી પર માનવ પ્રજાતિઓનું સ્થાયીકરણ.
• માનવવસ્તીનું વિતરણ, વસ્તીગીચતા, વસ્તીવૃદ્ધિ, વસ્તીની વિશેષતાઓ અને માનવ વસ્તીનું સ્થળાંતરણ.
• માનવીની પ્રાથમિક, દ્વિતીયક, તૃતીયક, ચતુર્થક અને પંચમ પ્રવૃત્તિઓ.
• ભૂમિસ્વરૂપો, વાતાવરણ, જમીન, વનસ્પતિ, જલાવરણ, ખનીજો વગેરે સાથે માનવીનો સંબંધ અને તેમની સાથેનું સમાયોજન.
• માનવ વસાહતો, ગ્રામીણ વસાહત પ્રણાલી, શહેરી વસાહત પ્રણાલી, વસાહતોની સમસ્યાઓ.
• માનવીની આર્થિક પ્રવૃત્તિઓ - શિકાર, પશુપાલન, કૃષિ, ઉદ્યોગો, પરિવહન, દૂરસંચાર અને વ્યાપાર.
• સામાજિક અને સાંસ્કૃતિક સંગઠનો.
• માનવીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - ભાષા, સાહિત્ય, શિલ્પ, સંગીત, ધર્મ, લોકસાહિત્ય, પરંપરાઓ વગેરે.
• ભવિષ્યના સંદર્ભમાં સંસાધનોની મૂલવણી અને સંરક્ષણની યોજનાઓ.

માનવ ભૂગોળ પરસ્પર સંકળાયેલાં ત્રણ કાર્યો કરે છે :

(1) માનવ નિર્મિત ઘટનાઓનું સ્થિતિ સંબંધી વિશ્લેષણ : અહીં માનવ વસ્તી તેમની વિશિષ્ટતાઓ, કલા, કૌશલ્યો અને તેમનાં વિસ્તરણ સંકળાયેલાં છે.

(2) પારિસ્થિતિક વિશ્લેષણ : અહીં કોઈ એક ભૌગોલિક પ્રદેશમાં માનવી અને તેના પર્યાવરણ સાથેના સંબંધોના અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવે છે.

(3) પ્રાદેશિક સમન્વય : અહીં સ્થાનિક અને પારિસ્થિતિક અભિગમો જોડી દેવામાં આવે છે. તેમાં અભ્યાસનો ઉદેશ આંતરિક રચના અને બાહ્ય સંબંધોની સમજ મેળવવાનો છે.

માનવ ભૂગોળ અભ્યાસના અભિગમો

1. ઐતિહાસિક અભિગમ

2. ક્ષેત્રીય વિશ્લેષણ અભિગમ

3. પારિસ્થિતિકીય વિશ્લેષણ અભિગમ

નિશ્ચયવાદ (નિયતિવાદ) :

આ વિચારધારા મુજબ મનુષ્યની બધી જ પ્રવૃત્તિઓ અને ક્રિયાઓ પર્યાવરણ દ્વારા નિયંત્રિત થાય છે. કોઈ પણ માનવ સમુદાય, રાષ્ટ્રનો ઈતિહાસ, માનવ સંસ્કૃતિ, જીવનશૈલી અને વિકાસની માત્રાને પ્રાકૃતિક પર્યાવરણ અસર કરે છે.

આ વિચારધારા માનવીને નિષ્ક્રિય પરિબળ ગણે છે. હિપોક્રેટ્સ, ઍરિસ્ટોટલ, હિરોડૉટ્સ, સ્ટ્રાબો વગેરે વિદ્વાનોએ માનવી ઉપર પ્રાકૃતિક સ્થિતિનો પ્રભાવ સમજાવ્યો હતો. ત્યાર પછી કાન્ટ, હમ્બોલ્ટ, રીટર, કુમારી ઍલન સેમ્પલ તથા એલ્સવર્થ હંટિંગ્ટન દ્વારા આ વિચારધારાને અનુમોદન પ્રાપ્ત થયું હતું.

20મી સદીના પૂર્વાર્ધ સુધી આ વિચારધારા વિકસતી રહી હતી. કુમારી ઍલન સેમ્પલ તથા એલ્સવર્થ હંટિંગ્ટન આ વિચારધારાના પ્રખર સમર્થક હતા.

સંભવવાદ :

પ્રકૃતિની સરખામણીમાં માનવને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. માનવીને સક્રિય સ્વરૂપે જોવામાં આવે તે વિચારધારાને સંભવવાદી વિચારધારા કહેવાય છે. સંભવવાદ શબ્દનો સર્વપ્રથમ ઉપયોગ લુસિયન ફ્રાવરેએ કર્યો હતો. તેના મતાનુસાર માનવ સંભાવનાઓનો સ્વામી છે. પ્રકૃતિના તત્ત્વોના ઉપયોગ બાબતનો નિર્ણય માનવી જ કરે છે. ભૂગોળવેત્તા વિડાલ-ડી-લા-બ્લાશે આ વિચારધારાનો વ્યવસ્થિત પ્રચાર કર્યો હતો.

નવ-નિયતિવાદ :

આ વિચારધારા ગ્રિફિથ ટેઈલરે રજૂ કરી. પ્રાકૃતિક નિયમોનું પાલન કરીને પ્રકૃતિનો ઉપયોગ માનવીએ કરવાનો છે. માનવીએ સાંસ્કૃતિક પર્યાવરણને મર્યાદિત કરીને પ્રાકૃતિક તત્ત્વોનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. પ્રાકૃતિક પર્યાવરણને નુકસાન થશે તો માનવસમાજ સામે માનવસર્જિત સમસ્યાઓ ઊભી થશે, માનવ વિકાસ રુંધાશે.

4. વર્તનલક્ષી અભિગમ-

5. માનવ કલ્યાણલક્ષી અભિગમ-

આ અભિગમ ગરીબી, ભૂખમરો, દુષ્કાળ, યુદ્ધો, રંગભેદ, જાતિભેદ, વર્ગવિગ્રહો, આતંકવાદ, માનવસર્જિત હોનારતો વગેરેને પ્રાકૃતિક પર્યાવરણના સંદર્ભમાં પ્રાદેશિક અભ્યાસ કરે છે. આ અભિગમ એવા પ્રકારની સામાજિક – આર્થિક વ્યવસ્થાઓ પર ભાર મૂકે છે કે જેના દ્વારા વિશ્વના તમામ નાગરિકોને વિશ્વના બધાં જ સંસાધનો (સંપદાઓ) પર

સમાન અધિકાર અને નિયંત્રણ પ્રાપ્ત થાય. સામાજિક ન્યાયનો હેતુ પાર પાડી શકાય. માનવીને તેની પ્રાથમિક જરૂરિયાતો સરળતાથી મળી રહે અને માનવકલ્યાણ સાધી શકાય.

માનવ ભૂગોળના અભિગમો વિશે રિટર, રેટઝેલ, હટિંગ્ટન, બ્લાશ, બ્રુન્સ, ડિમાજિયાં, ફિંચ, ટ્રેવાર્થા, ડિકન્સ, વ્હાઈટ વગેરે વિદ્વાનોએ પોતાના વિચારો રજૂ કર્યા છે.